જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૨/૧૩ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## જાહેરનામુ : સમાચાર યાદી નં.૩૮૪૨/૧૩

ઉત્તરાયણ તહેવાર દરમ્યાન સીન્થેટીક મટીરીયલ નાયલોન વિગેરેથી તૈયાર કરેલ પાકા દોરાથી ઉડાડવામા આવતા પતંગોના કારણે માણસો અને પક્ષીઓ ઘાયલ થતા હોઇ અને તેનાથી તેઓનુ મૃત્યુ પણ થતુ હોઇ આ અટકાવવુ જરૂરી જણાય છે. જેથી રાજ્ય સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ તરફથી પત્રોમાં એન્વાયરમેન્ટ પ્રોટેક્શન એક્ટ ૧૯૮૬ની કલમ ૫ હેઠળ સુચનાઓ આપવામાં આવેલ છે.

આ ઉપરાંત જાહેર રોડ ઉપર પતંગ ઉડાડવાથી વાહન ચાલકો તથા રાહદારીઓને પણ ઇજાઓ થવાની તથા અક્સ્માત થવાથી લોકોની જીંદગી જોખમાંવવાની સંભાવના રહેલ છે.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનીયમની કલમ ૩૩ (W) (ii) આધારે મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શિવાનંદ ઝા, જાહેર હીતમાં હુકમ કરે છે કે નાયલોન દોરાથી પતંગ ચગાવવા માટે ઉપયોગ કરવા કે તે હેતુથી તેવા દોરાનુ વેચાણ કરવા માટેનો તથા જાહેર રોડ ઉપર પતંગ ચગાવવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી છે.

આથી અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને તા:૨૬.૧૨.૨૦૧૩ના કલાક ૦૦.૦૦ થી તા:૧૬.૦૧.૨૦૧૪ ના કલાક ૨૪.૦૦ સુધી ઉપરોક્ત પ્રતિબંધ ફરમાવે છે.

આ હુકમ નો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનીયમ ૧૯૫૧ ની કલમ ૧૧૩ ૧૧૭ અને ભારતના ફોજદારી અધિનીયમ (સને ૧૮૬૦ નો અધિનીયમ - ૪૫ ) ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષા ને પાત્ર થશે .

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮૪૩/૧૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી ૩૩ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮૪૪/૧૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧મુજબ કુલ ૧૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહીબીશન એકટ ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ-** **સમાચાર યાદી નં.૩૮૪૫/૧૩**

તા.૨૦/૧૨/૧૩ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરૂધ્ધ ૫૭૬૨ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૩,૫૦,૭૫૦/- વસુલ કર્યા છે. આ પૈકી ૨૬ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૧૨૨ વાહનો ટો કરી રૂપિયા ૮,૮૦૦/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૧ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૯ આઈ.પી.સી. ૨૭૯ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૨૮૩૦ કેસ કરી રૂપિયા ૧,૪૧,૪૫૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૩ થી તા.૨૦/૧૨/૧૩ સુધીમાં કુલ ૧૬,૨૨,૪૭૦ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૬૮,૭૬,૮૦૦/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૩૮૪૬/૧૩**

**એલીસબ્રીજઃ** હીનાબહેન દલપતભાઈ ઠાકોર (ઉ.વ.૧૬) (રહે. રામી રમણલાલની ચાલી ભુદરપુરા ગામ આંબાવાડી એલીસબ્રીજ) ને તા.૧૮/૧૨/૧૩ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે શ્રેયશબ્રીજ નજીકથી આરોપી વિપુલ કાળુભાઈ ઠાકોર (રહે. ભુદરપુરા ગામ) લલચાવી ફોસલાવી ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ હીનાબહેનના પિતા દલપતભાઈ ઠાકોરે તા.૨૦/૧૨/૧૩ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એસ.રાઓલ ચલાવે છે.

**ઓઢવ :** જેનીબહેન ધર્મેન્દ્રભાઈ શર્મા (ઉ.વ.૧૨)(રહે.મહાદેવભાઇ રબારીની ચાલી, રબારી વસાહત ઓઢવ) ને મહાદેવ રબારીની ચાલી ખાતેજ રહેતો આરોપી કાંત શ્યામવીર શર્મા તા.૧૬/૧૨/૧૩ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે રબારી કોલોની મહાકાળી મંદીર નજીકથી લલચાવી ફોસલાવી ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ જેનીબહેનના પિતા ધર્મેન્દ્રભાઈ શર્માએ તા.૨૦/૧૨/૧૩ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.આર.જનકાંત ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૩૮૪૭/૧૩**

**વસ્ત્રાપુર :** મૌલીક રઘુવિર આજરા (રહે.ચિત્રકુટ એપાર્ટમેન્ટ સોલા રોડ, નારણપુરા)એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૨/૧૩ રાતના ૯/૦૦ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન નાલંદા કોમ્પલેક્ષ સામે પાર્ક કરેલ પોતાની કારનાં દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બે બેગની ચોરી કરી લઇ ગઇ છે. આ બે બેગમાં લિનોવા કંપનીનું લેપટોપ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-, પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ, ચુંટણીકાર્ડ, આર.સી.બુક, એસ.બી.આઇ.બેંક તેમજ એ.ડી.સી.બેંકની ચેકબુક અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- હતા. આ ગુના તપાસ મ.સ.ઇ.શ્રી જયંતીલાલ મણીલાલ ચલાવે છે.

**ચેઇન સ્નેચીંગ :-** **સમાચાર યાદી નં.૩૮૪૮/૧૩**

**સાબરમતી :** મલરશેલવી વિરાપાંડીયન આદીદ્રવીડ (રહે.ઠાકોરવાસ, મીરાબાઇ મંદીરની પાછળ, કાળી ગામ,સાબરમતી) તા.૨૦/૧૨/૧૩ સવારનાં ૧૧/૩૦ વાગ્યાનાં સુમારે રામનગર કોઠારી ટાવર રોડ, રિધ્ધી સિધ્ધી ફ્લેટ આગળથી પસાર થઇ રહ્યા હતા ત્યારે લાલ રંગનાં મોટર સાયકલ ઉપર આવેલ ૩૫ થી ૪૦ વર્ષનાં આશરાનાં બે પુરૂષ, મલરશેલવીનાં ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મલરશેલવી આદીદ્રવીડે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

**<u>વાહનચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૮૪૯/૧૩</u>**

**ઓઢવ :** સતીશભાઇ બાબુભાઇ પરમાર (રહે.ભીમરાવનગરનાં છાપરાં, ચમનપુરા) એ તા.૨૦/૧૨/૧૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૨/૧૩ રાતનાં ૮/૩૦ વાગ્યાનાં સુમારે નિકોલ ગોકુલ પાર્ટી પ્લોટ આગળથી અજાણી વ્યક્તિ પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૧ ડી.ટી. ૨૭૩૯ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો. શ્રી જયંત ભીખાજી ચલાવે છે.

**ગોમતીપુર : (૧)** ભીખાભાઇ ગાભાભાઇ રાવલ (રહે.રાવણવાસ, મીઠાપાણીનાં દરવાજા પાસે, સરસપુર) એ તા.૧૪/૧૨/૧૩ બપોરનાં ૪/૦૦ વાગે પટેલ મિલનાં નેળીયામાં આવેલ ગોકુલ હોટલ નજીક પોતાની ઓટોરીક્ષા નંબર. જીજે ૧ એ.વાય. ૬૪૯૮ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી દશ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ ભીખાભાઇ રાવલે તા.૨૦/૧૨/૧૩ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

**(૨)** એહતાજએહમદ સરતાજએહમદ શેખ (રહે. ખેતરબાબાની ચાલી, મરીયમબીબી ચાર રસ્તા પાસે, ગોમતીપુર) એ તા.૧૮/૧૨/૧૩ રાતનાં ૮/૦૦ વાગે પોતાના ઘર નજીક પોતાનું એક્સેસ સ્કુટર નંબર. જીજે ૧ એમ.એન. ૩૧૬૪ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી બે કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ એહતાજએહમદ શેખે તા.૨૦/૧૨/૧૩ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૮૫૦/૧૩</u>**

**મેઘાણીનગરઃ** હસમુખભાઇ નાનજીભાઈ ચાવડા (ઉ.વ.૨૧) (રહે.ન્યુ અમરપાર્કના છાપરાં છેલ્લા બસ સ્ટેન્ડ પાસે મેઘાણીનગર) એ કોઈ કારણસર તા.૨૦/૧૨/૧૩ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની પાઈપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાનીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી નરેન્દ્રસિંહ દલપતસિંહ ચલાવે છે.

**કારંજઃ** દીપક રાજુભાઈ મહેતા (ઉ.વ.૨૧) (રહે. ઘીકાટાં કોર્ટ કમ્પાઉન્ડ સ્ટાફ ક્વાર્ટર) એ કોઈ કારણસર તા.૨૦/૧૨/૧૩ રાતના ૮/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કારંજ પોલીસે અકસ્માત મોત નોધી વધુ તપાસ હાથ ધરી છે.

**દાણીલીમડા :** મહંમદઝહીર મહંમદસુલેમાન શેખ (ઉ.વ.૧૯)(રહે.સંતોષનગર ક્વાટર બહેરામપુરા) નશાનો બંધાણી હોઇ નશો કરવા નહીં મળતાં તા.૧૯/૧૨/૧૩ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી દિવાસળી ચાંપી સળગી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત આ અંગેની તપાસ હે.કો.રાવજીભાઇ ભીમાજી ચલાવે છે.

**<u>ગુમ થવા બાબતઃ</u>** **<u>સમાચાર યાદી નં.૩૮૫૧/૧૩</u>**

| | |
|---|---|
| **દરીયાપુરઃ** મહાદેવભાઇ રાજારામ સાતપુરે (ઉ.વ.૬૨)(રહે.બુધીયાનગર ગામ, કળામ્બા રીંગ રોડ, તા.કરવીના, જી.કાલુપુર મહારાષ્ટ્ર) તા.૮/૧૨/૧૩ સવાર ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. કથ્થઇ રંગનું પેન્ટ અને આસમાની રંગનું શર્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૮ ઇંચ છે.(દરીયાપુર પોલીસ સ્ટેશન નંબર ૨૨૧૬૧૯૧૩) |  |

| | |
|---|---|
| **વેજલપુર :** હેતલબહેન ગોવિંદભાઇ ગોર (વણકર)(ઉવ.૨૮)(રહે.યોગેશ્વરનગર, હનુમાન વાળી ચાલી, ગુપ્તાનગર ખાડામાં, વાસણા) તા.૬/૧૨/૧૩ બપોરના ૩/૩૦ વાગ્યાથી ગુમ છે.પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે.ઉંચાઇ ૫ ફુટ છે.(વેજલપુર પોલીસ સ્ટેશન ટે.નં. ૨૬૮૧૦૬૧૪) |  |
| **રાણીપ :** મનીષાબહેન હર્ષદભાઇ મકવાણા (ઉવ.૩૬) (રહે.કસ્તુરબા સોસાયટી, રાધાસ્વામી સોસા.પાછળ, રાણીપ) તા.૧૧/૪/૧૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઇ ૫ ફુટ છે. (રાણીપ પોલીસ સ્ટેશન ટે.નં.૨૭૫૫૧૦૧૦) |  |
| **ખોખરાઃ** મોનીકાબહેન લવકુશભાઇ કોષ્ટી (ઉ.વ.૧૮) (રહે.શ્રીનાથજી નગર, હાટકેશ્વર ખોખરા) તા.૯/૧૨/૧૩ સવારના ૪/૦૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૪ ફુટ ૫ ઇંચ છે.( ખોખરા પોલીસ સ્ટેશન નંબર ૨૨૭૬૧૧૯૮) |  |
| **ખોખરાઃ** સુમીબહેન ભલાભાઇ ઠાકોર (ઉ.વ.૨૭) (રહે.બાબુભાઇની ચાલી, હાઉસીંગ બ્લોકની બાજુમાં, ખોખરા) તા.૧૨/૧૨/૧૩ બપોરના ૨/૦૦ વાગ્યાથી ગુમ છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનો ટીકીવાળો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઇંચ છે.( ખોખરા પોલીસ સ્ટેશન નંબર ૨૨૭૬૧૧૯૮) |  |
| **ઓઢવઃ** ધર્મેન્દ્ર અશોકભાઈ રાણા (ઉ.વ.૨૨)(રહે.મહેશ્વરીનગર કમલેશપાર્કની બાજુમાં ઓઢવ) તા.૧૪/૧૨/૧૩ બપોરનાં ૨/૩૦ વાગ્યાના સુમારેથી ગુમ છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ લાઇનીંગવાળુ શર્ટ અને ગ્રે રંગનું પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે.(ઓઢવ પોલીસ સ્ટેશન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **ઓઢવ :** જ્યોત્નાબહેન પ્રતાપભાઇ જયપાલ (ઉ.વ.૩૨)(રહે.ગણેશકુંજ સોસાયટી, વિરાટનગર કેનાલની પાસે, ઓઢવ) તા.૧૪/૧૨/૧૩ બપોરના ૩/૦૦ વાગ્યાથી ગુમ છે.પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. હાથ ઉપર છુંદણાથી જ્યોત્સના લખેલ છે. લીલા રંગનું ઓઢણુ, ચણીયો, બ્લાઉઝ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **શહેરકોટડા :** વિકાસકુમાર ઉત્તમસિંગ યાદવ (ઉ.વ.૨૭)(રહે.બોમ્બે હાઉસીંગ કોલોની, નુતનમીલની સામે સરસપુર) તા.૧૫/૧૨/૧૩ ના સાંજનાં ૬/૦૦ વાગ્યાથી ગુમ છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. ગુલાબી રંગનું લીટીવાળુ ટી-શર્ટ અને સફેદ રંગનો લેંઘો પહેર્યો છે. ઉંચાઇ ૫ ફુટ ૧૦ ઇંચ છે. (શહેરકોટડા પોલીસ સ્ટેશન ટે.નં.૨૨૯૨૦૦૦૭) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.